# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-10-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1) ભારત અને સ્વિત્ઝર્લૅન્ડ વચ્ચે પાંચ કરાર પર હસ્તાક્ષર - આગામી 15 વર્ષમાં 100 અબજ અમેરિકન ડોલરનું રોકાણ આકર્ષવા તેમજ દસ લાખ નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્ય.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વિસ રાષ્ટ્રપ્રમુખ ગી પાહ્મલાંની ભારત- સ્વિત્ઝર્લૅન્ડ સંબંધ પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

3) ચૂંટણી પંચના ફોર્મ 6માં કોઈ ફેરફારને મંજૂરી આપી ન હોવાની સર્વોચ્ચ અદાલતની સ્પષ્ટતા.

4) પશ્ચિમ બંગાળમાં હવાઈ જોડાણને વેગ આપવા ચાર નવા વિમાનમથક વિકસાવાશે.

5) વર્ષ 2026 માટે ફિઝિયોલોજી અથવા મેડિસિન માટેનો નોબેલ પુરસ્કારના વિજેતા નામોની જાહેરાત.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE. SWISS PREZ- 1

નવી દિલ્હીમાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્વિસ રાષ્ટ્રપ્રમુખ ગી પાર્મલાંવચ્ચે થયેલી દ્વિપક્ષીય વાટાઘાટો બાદ ભારત અને સ્વિત્ઝર્લેન્ડે આજે પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા. આ કરારો સ્થળાંતર અને ગતિશીલતા, યુવા વ્યાવસાયિકોના આદાનપ્રદાન અને પરિવહન તકનીકોમાં સહયોગ, ગતિશીલતા પ્રણાલીઓ અને માળખાગત સુવિધાઓ સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લે છે.

સંયુક્ત પત્રકાર પરિષદમાં, શ્રી મોદીએ સ્વિસ રાષ્ટ્રપ્રમુખ ગી પાર્મલાંની ભારત-સ્વિટ્ઝર્લેન્ડ સંબંધો પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. શ્રી મોદીએ જણાવ્યુ કે આજના કરાર હેઠળ, ભારત આગામી 15 વર્ષમાં 100 અબજ અમેરિકન ડોલરનું રોકાણ આકર્ષવા અને દસ લાખ સીધી નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્ય છે.

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે બંને દેશ સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય નિકાસ માટે બજાર પહોંચ વધારવા અને બંને દેશ વચ્ચે રોકાણને વધુ સરળ બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.

(BYTE- PM – EXPORT-INVESTMENT)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, બંને રાષ્ટ્રોએ આજે સૈન્ય આદાનપ્રદાન અને સંરક્ષણ ઉત્પાદનમાં સહયોગ માટે નવી શક્યતાઓ ઓળખી કાઢી છે. તેમણે ઉમેર્યું કે તેઓ પરમાણુ ઊર્જામાં સહયોગને વધુ ગાઢ બનાવવા પણ સંમત થયા છે.

(BYTE- PM-DIFENCE)

--------2------

# EVE. SWISS PREZ- 2

વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) સિબી જ્યોર્જે આજે સાંજે નવી દિલ્હીમાં બંને નેતાઓ વચ્ચેની દ્વિપક્ષીય બેઠક અંગે પત્રકારોને સંબોધન કર્યું.

(BYTE : SI - MEA – SHAKTI)

ઉલ્લેખનીય છે કે સ્વિસ રાષ્ટ્રપ્રમુખ ગી પાર્મલાં આજથી ભારતની ત્રણ દિવસની પ્રવાસે છે. રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ તેમના સ્વિસ સમકક્ષના માનમાં આજે રાત્રે એક સત્તાવાર ભોજન સમારંભનું આયોજન છે

# JAISHANKAR-GUY-PARMELIN

વિદેશ મંત્રી એસ. જયશંકર આજે નવી દિલ્હીમાં ભારતન પ્રવાસે આવેલા સ્વિસ રાષ્ટ્રપ્રમુખ ગી પાર્મલાંને મળ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે ભારત અને યુરોપિયન મુક્ત વેપાર સંગઠન વચ્ચેના વેપાર અને આર્થિક ભાગીદારી કરારના આધારે બંને દેશ વચ્ચેના સંબંધને વધુ મજબૂત બનાવવાની રાષ્ટ્રપ્રમુખ પાર્મલાંની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સ્વિસ રાષ્ટ્રપ્રમુખની મુલાકાત બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વધુ વધારશે.

# SC-FORM 6 NO APPROVE

સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી છે કે તેણે ચૂંટણી પંચના ફોર્મ 6 માં કોઈ ફેરફારને મંજૂરી આપી નથી. ન્યાયામુર્તિ સૂર્યકાંતની આગેવાની હેઠળની ખંડપીઠે આ વાતની પુષ્ટિ કરી છે. અદાલતે ફેરફારો કોણે કર્યા તે નક્કી કરવા સંબંધિત દસ્તાવેજો મંગાવ્યા છે. આ મામલો મતદાર યાદીના ખાસ સઘન સુધારા-SIR સાથે સંબંધિત છે. PIL અરજદારના પૂર્વજો અને અગાઉના SIR સંબંધિત વિગતો માટે ફોર્મ 6 ની વિનંતી પર પ્રશ્ન ઉઠાવે છે. અરજીમાં ચૂંટણી પંચના સોફ્ટવેરમાં ફેરફારોનો પણ આરોપ છે. સર્વોચ્ચ અદાલતે આ મામલે નોટિસ જાહેર કરી અને તેને આ જ મુદ્દા પર બીજી અરજી સાથે જોડી દીધી છે. ચૂંટણી પંચે અગાઉ જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે મે 2026 ના બિહાર SIR કેસમાં ફોર્મ 6 ના ઘોષણા ફોર્મને મંજૂરી આપી હતી.

# SC - EC

સર્વોચ્ચ અદાલતે આજે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને બરતરફ કરવાની માંગ કરતી અરજી પર વચગાળાનો આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો. મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા-SIR દરમિયાન ચૂંટણી પંચ દ્વારા લેવાયેલા એકપક્ષીય નિર્ણયોના આરોપોના સંદર્ભમાં આ અરજી દાખલ કરવામાં આવી હતી. ન્યાયમૂર્તિ સૂર્યકાંતની આગેવાની હેઠળની ખંડપીઠે કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ અને અન્ય સંબંધિત પક્ષોને નોટિસ જાહેર કરી હતી.

ખંડપીઠે જણાવ્યું હતું કે પક્ષકારો તરફથી જવાબો મળ્યા પછી, અદાલત તપાસ કરશે કે કોઈ કાનૂની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું છે કે નહીં. અદાલતે ઉમેર્યું કે તે ફક્ત અખબારના અહેવાલોના આધારે એકપક્ષીય આદેશો જાહેર કરી શકતી નથી. જો રેકોર્ડ સાબિત કરે છે કે જરૂરી સર્વસંમતિ અથવા બહુમતી વિના નિર્ણયો લેવાયા હતા, તો તે નિર્ણયો પર પુનર્વિચાર કરી શકાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# PM 25 YEARS- SEVA SANKALP-VANDE BHARAT TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની યાત્રા જન સેવા થી દેશ સેવાના મંત્ર દ્વારા અવિરત પ્રતિબદ્ધતાથી ચાલી રહી છે. અમારી ખાસ શ્રેણીમાં આજે અમે તમને જણાવીશું કે વંદે ભારત ટ્રેનોની શરૂઆતથી આ દ્રષ્ટિકોણ કેવી રીતે સાકાર થયો છે.

## (VOICE CAST – HEMANGINI SONARA)

*(ભારત વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના તેના વિઝન તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે વંદે ભારત એક્સપ્રેસ દેશભરમાં ઝડપી, સલામત, વધુ વિશ્વસનીય અને મુસાફરો-કેન્દ્રિત રેલ મુસાફરી પૂરી પાડે છે. ફેબ્રુઆરી 2019માં શરૂ થયેલી વંદે ભારત એક્સપ્રેસે નવી દિલ્હી - વારાણસી રૂટ પર તેની સેવા શરૂ કરી હતી. ગયા વર્ષે નવેમ્બરમાં વારાણસીથી ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે વંદે ભારત જેવી ટ્રેનો ભારતીય રેલ્વેની આગામી પેઢીનો પાયો નાખી રહી છે.*

*(BYTE-NARENDR MODI)*

*આકાશવાણી સાથે વાત કરતા, ઉત્તર પ્રદેશના ગૌરાંગ શુક્લાએ વંદે ભારત ટ્રેનની સેવાની પ્રશંસા કરતા કહ્યું  કે તે આત્મનિર્ભર ભારતના વિઝનને પ્રતિબિંબિત કરે છે.*

*(BYTE –GAURANG SHUKLA)*

*દેશની પ્રથમ સ્વદેશી રીતે ડિઝાઇન અને ઉત્પાદિત સેમી-હાઇ-સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ 180 કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ માટે ડિઝાઇન કરાઇ છે.160 થી વધુ વંદે ભારત ટ્રેનો દેશભરમાં કાર્યરત છે, જે મુખ્ય કોરિડોરમાં કનેક્ટિવિટી વધારે છે..*

*હેમાંગીની સોનારા/આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# WB - NEW AIRPOTS

પશ્ચિમ બંગાળમાં હવાઈ જોડાણને વેગ આપવા ચાર નવા વિમાનમથક વિકસાવવામાં આવશે. નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની હાજરીમાં આજે નબન્નામાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે આ અંગેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે આ યોજનામાં હાસીમારા અને કલાઈકુંડ ખાતે સિવિલ એન્ક્લેવ, બાલુરઘાટ વિમાનમથકનું વિસ્તરણ અને પુરુલિયામાં નવા વિમાનમથકનું નિર્માણ શામેલ છે.

તેમણે કહ્યું કે કલાઈકુંડનો 2,700-મીટરનો રનવે, બોઇંગ 737 અને એરબસ A320 જેવા વિમાનોને હેન્ડલ કરી શકશે જ્યારે બાગડોગરા ખાતેના નવા ટર્મિનલને લીધે કોલકાતાથી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ અને યુરોપ સાથે સીધી કનેક્ટિવિટી મળશે. ઉલ્લેખનીય છે કે દેશમાં વિમાનમથકોની સંખ્યા 2014માં 74 હતી જે વધીને હવે 166 થઈ ગઈ છે.

# NOBEL-MEDICINE

વર્ષ 2026 માટે ફિઝિયોલોજી અથવા મેડિસિન માટેનો નોબેલ પુરસ્કાર, કાર્લ ડીસેરોથ, પીટર હેગેમેન અને જ્યોર્જ નાગેલને એનાયત કરવાની જાહેરાત કરાઇ છે. આ પુરસ્કાર તેમની પ્રકાશ-ગેટેડ આયન ચેનલો અને મગજના અભ્યાસ અંગેની એક તકનીક ઓપ્ટોજેનેટિક્સ, માટે અપાશે. ઓપ્ટોજેનેટિક્સ જીવંત મગજમાં વ્યક્તિગત ચેતા કોષોની પ્રવૃત્તિને ચાલુ અથવા બંધ કરવાનું શક્ય બનાવે છે.

મગજ, યાદો, લાગણીઓ અને વર્તન કેવી રીતે બનાવે છે તે સમજવું એ સંશોધકો માટે લાંબા સમયથી એક સ્વપ્ન રહ્યું છે.

ડીસેરોથ યુએસમાં સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં બાયોએન્જિનિયરિંગ, મનોચિકિત્સા અને વર્તણૂકીય વિજ્ઞાનના પ્રાધ્યાપક છે. જ્યારે હેગેમેન, જર્મન બાયોફિઝિસિસ્ટ છે અને જ્યોર્જ નાગેલ જર્મન ન્યુરોસાયન્ટિસ્ટ તરીકે સંશોધન કરી રહ્યા છે.

# PRALHAD JOSHI-MENTAL HEALTH

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ આજે શિક્ષણ મંત્રાલયના અધિકારીઓ સાથે શાળાઓ માટે રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી નીતિના મુસદ્દા પર ચર્ચા કરી. બાળકના સર્વાંગી વિકાસના કેન્દ્રમાં માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારીને સ્થાન આપતા સહાયક અને સમાવિષ્ટ શાળા વાતાવરણને મજબૂત બનાવવા પર આ ચર્ચાઓ કેન્દ્રિત હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી જોશીએ જણાવ્યું કે સરકાર માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને ભારતના શિક્ષણ ઇકોસિસ્ટમનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# PREZ – JUDGES APPOINTMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ત્રણ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશોને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ, દિલ્હી વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને તેલંગાણા વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ અપરેશ કુમાર સિંહને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા છે.

રાષ્ટ્રપતિએ ન્યાયિક અધિકારી ગુરવિંદર પાલ સિંહને દિલ્હી વડી અદાલતના વધારાના ન્યાયાધીશ તરીકે પણ નિયુક્ત કર્યા છે.